જન્મદિને વધામણી

સૂર્યસિંહ ડાભી
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૬

મેહુલભાઈ દોશી
પ્રમુખ, જૈન સોશિયલ ગ્રુપ
મો. ૯૯૨૪૧ ૨૭૩૮૨

વિનોદચંદ્ર મણિલાલ પટેલ
ફોન : ૨૩૨૨૫૦૧૦
મો. ૯૩૭૬૮ ૧૦૪૯૮

શૈલેષભાઈ એમ અલસીકા
પ્યુન, મુખ્ય પ્રધાન કાર્યાલય
મો. ૯૯૭૮૪ ૦૬૦૫૯

મહેશસિંહ રાઓલ
ઉપપ્રમુખ, શ્રી રાજપૂત સમાજ ભવન, ગાંધીનગર
મો. ૯૮૨૪૧ ૬૧૨૧૫

અનિલ લક્ષ્મીચંદ બોરા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે બાલોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે તાજેતરમાં બાલોત્સવનું આયોજન ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. ધોરણ-૧થી ૮ના ૫૧ જેટલા વિદ્યાર્થીઓએ એકપાત્રિય અભિનય, નૃત્ય, ગાયન, ફેશન શો જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. શિક્ષક બબીતાબેન, કાજલબેન અને આશિષભાઈ વસાવા દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન કરવામાં આવ્યું હતું. આચાર્ય દશરથભાઈ કે પટેલે શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. આ બાલોત્સવ અંતર્ગત ડાન્સ સ્પર્ધામાં નેન્સી એસ બારોટ, શુભમ ડી પ્રજાપતિ, ફેશન શોમાં હિમાલય પી બારોટ, સૃષ્ટિ એ પટેલ, હર્ષિલ સી પરમાર, સ્નેહા આર મછાર, એકપાત્રિય અભિનયમાં ખુશ એસ મિસ્ત્રી અને ગાયન સ્પર્ધામાં માનસી બી પંડ્યા વિજેતા બન્યાં હતાં.

જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા અદ્‌ભૂત કલા પ્રદર્શન કરાયું

ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં પોતાની પેઈન્ટિંગ, રંગોળી અને હસ્તકલાનું અદ્‌ભૂત પ્રદર્શન યોજ્યું હતું.

શિક્ષકોના સહિયારા પ્રયાસથી વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી કેનવાસ પેઈન્ટિંગ, રંગોળી અને હસ્તકલાની કૃતિઓનું પ્રદર્શન સ્કૂલમાં ગોઠવવામાં આવ્યું હતું, જે જોઈને સૌ દંગ થઈ ઊઠ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓની પ્રશસ્તિ કરી હતી અને તેમને પોરસાવ્યા પણ હતા. આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી અદ્‌ભૂત કૃતિઓથી સંતુષ્ટ થઈ તેમને બિરદાવતાં સમગ્ર શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત રહેતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે મહત્વનો નિર્ણય લીધો છે. બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત રહેતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને હવે પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. જેના પગલે હવે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ તથા સાયન્સના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં. બોર્ડના આ નિર્ણયના પગલે દરવર્ષે લગભગ ૯ હજાર જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓને લાભ થશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. .

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા માર્ચ માસમાં લેવામાં આવે છે. પરીક્ષા માટે નવેમ્બર માસથી જ ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરી દેવાય છે. જેમાં સરેરાશ રૂ. ૨૫૦થી લઈને રૂ. ૪૦૦ સુધીની ફી સાથે વિદ્યાર્થીઓના ફોર્મ સ્વિકારવામાં આવે છે. બોર્ડની પરીક્ષા માટે દરવર્ષે સરેરાશ ૧૭ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ નોંધાતા હોય છે. જેમાં ૯ હજાર જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ પણ પરીક્ષામાં ઉપસ્થિત રહેતા હોય છે. દરમિયાન બોર્ડ દ્વારા હવેથી ધોરણ-૧૦, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદની છારોડી હૉસ્પિટલ ખાતે શનિવારે ગર્ભસંસ્કાર વર્કશૉપનું આયોજન

ગાંધીનગર, તા. ૩

તા.૬ જાન્યુઆરીના રોજ બપોરે ૩.૦૦થી સાંજે ૫.૦૦ દરમિયાન શ્રી જોગીસ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલ, છારોડી ખાતે ગર્ભસંસ્કારના નિઃશુલ્ક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નવપરિણીત અને શ્રેષ્ઠ-સ્વસ્થ-મેધાવી સંતતિ ઈચ્છતા દંપતી ભાગ લઈ શકે છે. સાથે જ સગર્ભા મહિલાઓ પણ આવી શકે છે..

આ અંગે વિગતો આપતાં વૈદ્ય પ્રવિણ હીરપરાએ જણાવ્યું કે એક ગુણને બીજા ગુણમાં રૂપાંતરિત કરવાની ક્રિયા એટલે સંસ્કાર. આ સ્થિતિમાં ગર્ભસંસ્કાર શ્રેષ્ઠ છે. આ એક પ્રાચીન સંસ્કાર છે, જે પ્રાયઃ ભૂલાઈ ચૂક્યા હતા. શ્રેષ્ઠ સંતતિ, સ્વસ્થ સંતતિ, મેધાવી સંતતિ માટે ખૂબ જ આવશ્યક છે. આપણે ત્યાં પરપંરા પણ જોવા મળે છે કે છત્રપતિ શિવાજી મહારાજ, આચાર્ય અષ્ટાવક, અભિમન્યુ, ભક્ત પ્રહ્‌લાદ માતાના ગર્ભમાં જ સંસ્કારિત થયા હતા. એમની પરાક્રમ ગાથાઓ, એમના જ્ઞાન, એમની બુદ્ધિ, એમની પ્રતિભાથી સૌ-કોઈ પરિચિત છે.

આ કથાનકોને આજનું વિજ્ઞાન પણ સમર્થન આપે છે. યુનિ. ઓફ કેલિફોર્નિયાના મનોવિજ્ઞાનીઓએ પણ સંશોધન કરીને પુરવાર કર્યું છે.

ગુજરાત સ્ટેટ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપમાં ગાંધીનગર જિલ્લાની ટીમ ચેમ્પિયન બની

ગાંધીનગર

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાની વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું આયોજન ૩૧મી ડિસેમ્બરનાં રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાજ્યનાં ૧૦ જિલ્લાઓમાંથી ૫૬૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જુદી જુદી ઉંમર, વજન અને બેલ્ટને ધ્યાનમાં રાખીને યોજવામાં આવેલી આ સ્પર્ધામાં ગાંધીનગરની ટીમ ૩૧ ગોલ્ડ મેડલ્સ સાથે પ્રથમ સ્થાને રહી હતી. જ્યારે આણંદની ટીમ ૨૨ ગોલ્ડ મેડલ્સ સાથે દ્વિતીય સ્થાને રહી હતી.

ગાંધીનગરના કોબા સ્થિત પ્રેક્ષા વિશ્વ ભારતી કેમ્પસમાં યોજાયેલી આ સ્પર્ધાનાં સમાપન પ્રસંગે ભારત સરકારનાં ડાયરેક્ટર ઓફ સેન્સેસ તરીકે ફરજ બજાવતા આઈએએસ અધિકારી પી. કે. સોલંકી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત રોટરી ક્લબ ઓફ કેપિટલ - ગાંધીનગરનાં પ્રમુખ બી. કે. ચાવડા, પૂર્વ પ્રમુખ યુવરાજસિંહ વાઘેલા, રોટે. પાર્થભાઈ ઠક્કર, વરિષ્ઠ પત્રકાર કિશોરભાઈ અંજારીયા, વૈદિક પરીવારના મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધી, લાયોનેસ ક્લબનાં સેક્રેટરી નીતાબહેન રાણા, પૂર્વ પ્રમુખ શ્રીમતી વૈશાલીબહેન જોષી સહિત લાયોનેસ ક્લબનાં અનેક પદાધિકારીઓએ પણ દિવસ દરમ્યાન અલગ અલગ સમયે ઉપસ્થિત રહી વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધા ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનનાં વાઈસ ચેરમેન તથા ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણાનાં માર્ગદર્શનમાં યોજવામાં આવી હતી. જેમાં ટેક્નિકલ કમિટિનાં ચેરમેન તરીકે સેનસાઈ શ્રી ગૌરાંગ રાણા અને સેક્રેટરી તરીકે સેનસાઈ શ્રી શૈલેષ આહિરે સેવાઓ પ્રદાન કરી હતી. આ ઉપરાંત વિવિધ જિલ્લામાંથી ૭૨ જેટલા તાલીમબદ્ધ નિષ્ણાતોએ ઓફિશીયલ્સ તરીકે પોતાની સેવાઓ પ્રદાન કરી હતી.

વિજેતા ખેલાડીઓની સાથે સાથે ગાંધીનગરની વિજેતા ટીમને પણ અતિથિ વિશેષ શ્રી પી. કે. સોલંકી તથા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા સહિત મંચસ્થ મહાનુભાવોએ ટ્રોફી એનાયત કરી હતી. વિજેતા થયેલી ગાંધીનગરની ટીમનાં જુદી જુદી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ડિસ્ટ્રીક્ટ ડાયરેક્ટર શ્રી ગૌરાંગ રાણા, શ્રી જિગ્નેશ ત્રિવેદી, શ્રી શૈલેષ આહિર, શ્રી યોગેશ વિશ્વકર્મા, શ્રી દર્શન સુથાર, શ્રી સુરજ ત્રિપાઠી, શ્રી હનુ પરમાર, શ્રી કેતન ચૌધરી અને શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલાએ તાલીમ આપી હતી. વિજેતા ટીમને તથા તેમના પ્રશિક્ષકોને શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ અભિનંદન પાઠવ્યા હતા.

સંસ્કૃત - જીવનને પ્રેરણા આપતી ભાષા

ગાંધીનગર, તા. ૩

હું તો વેટરનરી ડોક્ટર છું. અમને પ્રોફેસર ભણાવતા હતા કે ક્રોસ બ્રિડિંગ કરશો તો દૂધનું પ્રમાણ વધે અને આજે એ જ પ્રોફેસર છે, જેઓ રિટાયર્ડ નથી થયા, પરંતુ તેઓ ભણાવે છે કે દેશી પશુઓ દ્વારા દૂધનું પ્રમાણ વધુ મળે છે. એક સમય હતો જ્યારે કહેવાતું કે કેમિકલયુક્ત ફર્ટિલાઈઝર ખેતરમાં નાખો અને આજે કહેવામાં આવે છે કે ઓર્ગેનિક ફર્ટિલાઈઝરનો ઉપયોગ કરો. એ જ રીતે કહેવાનું કે બધી ભાષાની એક લિમિટેશન્સ છે, બધા વૈજ્ઞાનિક ભાષા તરફ આગળ વધી રહ્યા છે ત્યારે જીવનને પ્રેરણા આપે એવી ભાષા હોય તો એ છે, સંસ્કૃત ભાષા. સંસ્કૃત શ્લોકનું ઉચ્ચારણ કરો વાઈબ્રેશન થાય છે ત્યારે આપણે એ તરફ વળવું જોઈએ. કેમકે દિશા બદલાઈ રહી છે, તે તરફ આગળ વધીએ, એમ કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ એચ.કે.આર્ટ્સ કોલેજ ઓડિટોરિયમ ખાતે સંસ્કૃત ભારતી અને ૧૩ સંસ્કૃતપ્રેમી સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે આયોજિત સંસ્કૃત સંમેલનમાં જણાવ્યું હતું. સંમેલનનાં અધ્યક્ષ તરીકે આર્ષ વિદ્યામંદિર-રાજકોટના સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતું કે સંસ્કરણ કરે એનું નામ સંસ્કૃત છે. માનવ જીવનનું મૂલ્ય સંવર્ધન કરવાનું કાર્ય કોઈ કરતું હોય તો એ સંસ્કૃત ભાષા છે. આ મૂલ્યવાનપણું આર્થિક રીતે માપી શકાતું નથી, એવું કિંમતી છે. સંસ્કૃત ભાષા આંતરિક વિકાસ માટે જરૂરી છે. આંતરિક વિકાસ થાય તો જ પરિપક્વતાની પ્રાપ્તિ થઈ શકે છે. ઈઝરાયલમાં જે રીતે હિબ્રુ ભાષાનો વિકાસ થયો એ રીતે સંસ્કૃત ભાષાનો વિકાસ થાય તે જરૂરી છે, કેમકે રાજ્યાશ્રય વગર સંસ્કૃત ભાષાનો વિકાસ અશક્ય છે. મુખ્ય વક્તા તરીકે સંસ્કૃત ભારતીના મહામંત્રી શ્રીશ દેવપૂજારીએ જણાવ્યું કે માત્ર ભૌતિક વિકાસ જ નહીં, પરંતુ વ્યક્તિત્વ વિકાસ થાય એ જરૂરી છે. આ આપણે ભૂતાનની પાસેથી શીખવાનું છે. જ્યાં જીડીપી નહીં, પરંતુ હેપિનેસ ઈન્ડેક્સને જોવામાં આવે છે.

(૧) મુખ્યમંત્રી વિજય રૂપાણીના ચીફ પ્રિન્સિપાલ સૅક્રેટરી તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે ?
(એ) કે કૈલાસનાથન
(બી) બી કે પ્રસાદ
(સી) એસ અપર્ણા
(ડી) જી સી મુર્મુ

(૨) ટ્રીપલ તલાક વિરોધી કાયદો ઘડવા માટે કેન્દ્ર સરકારે કોની અધ્યક્ષતામાં ઈન્ટર મિનિસ્ટર ગ્રુપની રચના કરી હતી ?
(એ) અરૂણ જેટલી (બી) રાજનાથસિંહ
(સી) રવિ શંકર પ્રસાદ (ડી) સુષ્મા સ્વરાજ

(૩) ટ્રીપલ તલાક વિરોધી કાયદો ઘડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા બિલનું શું નામ આપવામાં આવ્યું છે ?
(એ) પ્રોટેક્શન ઓફ ટ્રીપલ ઓન મેરેજ-૨૦૧૭ બિલ
(બી) પ્રોટેક્શન ઓફ મુસ્લિમ મહિલા મેરેજ ૨૦૧૭ બિલ
(સી) પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓન મેરેજ ૨૦૧૭ બિલ
(ડી) પ્રોટેક્શન ઓફ વુમન ફ્રિડમ ઓન મેરેજ ૨૦૧૭ બિલ

(૪) ૨૦૧૭માં ભારતીય અર્થવ્યવસ્થાના આઠ મુખ્ય ક્ષેત્રોમાં કેટલા ટકા વૃદ્ધિ નોંધાઈ છે ?
(એ) ૭.૮ ટકા (બી) ૮.૮ ટકા
(સી) ૬.૮ ટકા (ડી) ૯.૮ ટકા

(૫) ભારતના નવા વિદેશ સચિવ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) વિજય કેશવ ગોખલે (બી) માનવ કૃષ્ણ
(સી) નીરજ કુમાર (ડી) બી એસ બસ્સી

(૬) ખાનગી સ્કૂલોમાં ફી નિર્ધારણ માટે ગુજરાત સરકાર દ્વારા કોની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાની ફી કમિટીની રચના કરવામાં આવી છે ?
(એ) ડી કે મહેતા (બી) ડી એ મહેતા
(સી) ડી સી મહેતા (ડી) ડી ડી મહેતા

(૭) ખુલ્લામાં શૌચ મુક્ત થનાર પૂર્વોત્તર ક્ષેત્રનું બીજું રાજ્ય કયું છે ?
(એ) નાગાલેન્ડ (બી) આસામ
(સી) મણિપુર (ડી) અરૂણાચલ પ્રદેશ

(૮) ખેલો ઈન્ડિયા સ્કૂલ ખેલના વર્ષ ૨૦૧૮-૨૦૨૨ સુધીના પ્રસારણના અધિકાર કઈ ચેનલને આપવામાં આવ્યા છે ?
(એ) જી સ્પોર્ટ્સ (બી) બીબીસી સ્પોર્ટ્સ
(સી) સ્ટાર સ્પોર્ટ્સ (ડી) ટેન સ્પોર્ટ્સ

(૯) ફી નિર્ધારણ કાયદામાં ફીના કાયદાનો ભંગ કરનાર શાળાને પ્રથમ વાર કેટલો દંડ કરવામાં આવશે ?
(એ) ૫ લાખ (બી) ૧૦ લાખ
(સી) ૨૦ લાખ (ડી) ૧૫ લાખ

(૧૦) ખાનગી સ્કૂલોમાં ફી પર નિયંત્રણ લાવનાર ગુજરાત ભારતમાં કેટલામું રાજ્ય છે ?
(એ) દ્વિતિય (બી) પ્રથમ
(સી) તૃતિય (ડી) ચતુર્થ

મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા

ગાંધીનગરમાં યોજાઈ યાદગાર અંતાક્ષરી સ્પર્ધા

ગાંધીનગરના ઈતિહાસમાં લાઈવ અંતાક્ષરીનો પ્રથમ વાર જ કાર્યક્રમ મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. અંતાક્ષરી જેવો કાર્યક્રમ લાઈવ આયોજિત કરવો એ ખૂબ મોટી ચેલેન્જ કહેવાય પણ મમતા રાવલ અને મહર્ષિ રાવલે આખો કાર્યક્રમ સરસ પ્લાનિંગ કરીને સફળ અને યાદગાર બનાવ્યો. સેમિ ફાઈનલમાં કુલ ૫૧ ટીમોએ ભાગ લીધો એટલે કે દોઢસો સ્પર્ધકો ! ૧૩ ટીમોની ચાર બૅચ કરીને દરેક બૅચને ચાર રાઉન્ડ રમાડી એમાંથી મેગા ફાઈનલ માટે ચાર ગાળણી ચાળીને સ્પર્ધકો તૈયાર કરવામાં આવ્યા. દરેક માટે વૈવિધ્યસભર અલગ રાઉન્ડ એટલે કૉપની કે અનુમાનનો પ્રશ્ન જ નહીં. છેલ્લે ધૂન રાઉન્ડ અને એ પરથી માર્ક્સ આપીને સેમી ફાઈનલ છ કલાકે પૂર્ણ થઈ !!

ભક્તિ ગીત, દેશભક્તિ ગીત, ઉત્સવ ગીત જેવા રાઉન્ડ તો ઘરેણાં, રંગ અને ચિઠ્ઠી સાથેના રમાડાતા રાઉન્ડ અને વાગતાં-ગવાતાં ગીતોમાં સ્પર્ધકો સાથે ખીમજી વિશરામ ગૃહમાં હાજર સૌ ટેમ્પો ચઢાવવા આવેલા પ્રેક્ષકોએ પણ મજ્જા કરી.

કાર્યક્રમનું સંચાલન કરતા મહર્ષિ રાવલને ખરેખર દાદ આપવી રહી કારણ કે આટલા રાઉન્ડ, સ્પર્ધકોને અલગ અલગ ગીત-ટ્યુન આપવાં, ખરા-ખોટાનો નિર્ણય આપવો, સાઉન્ડ-ગીત વગાડતા ઓપરેટરની સાથે ટ્યુનિંગ રાખવું અને કોઈને અન્યાય થયા વગર અંતાક્ષરી રમાડવી... મહર્ષિ અને મમતા રાવલે આટલી ટીમોને રમાડવા કરેલું હોમવર્ક દેખાઈ આવતું હતું.

સ્પર્ધાનો ફાઈનલ મુકાબલો ટાઉનહૉલમાં યોજાયો. આ મેગા ઈવેન્ટમાં ગુરુઓ પણ ઉપસ્થિત હતા : હિરેન ભટ્ટ અને બિરેન પુરોહિત. મહર્ષિ ફાઉન્ડેશનના નિમેષ રાવલે મેનેજમેન્ટમાં પાક્કી ગોઠવણ કરી હતી. સ્ટેજ, સાઉન્ડથી લઈ મહેમાન અને સંગીત - બધું જ સરસ. સંગીત સંચાલક હિમાંશુ ગાયકવાડે પણ સ્પર્ધકોનો ટેમ્પો યથાવત રાખતું સંગીત ત્વરિત વગાડી અંતાક્ષરીને મધુરી બનાવી રાખી. ટેકનીકલ ટીમમાં યશ મહેતા, યશ પાઠક, મીત રાજ્યગુરુ, અંકુલ દાસ, હેતવી, સ્તુતિ શર્મા જેવા પડદા પાછળના યુવાઓએ સજ્જડ સપોર્ટ આપ્યો. સ્પર્ધાનું પરિણામ જાહેર થાય એ પહેલાં બિરેન પુરોહિતે અને ડૉ. નિલિમાએ મધુરાં ગીતોથી પ્રેક્ષકોનું મનોરંજન કર્યું.

નગરમાં યાદગાર અંતાક્ષરી માટે મમતાબેન, મહર્ષિ અને સમગ્ર ટીમને હૃદયપૂર્વક અભિનંદન.

એક ઔર વાહ

ક્વૉલિટી પ્રોગ્રામ આપવા માટે જાણીતા મમતા-નિમેષ રાવલ અંતાક્ષરી પહેલાં સુપર સિંગર ઑફ ધી સિટી અને વુમન ઍમ્પાવર જેવા યાદગાર કાર્યક્રમો આપ્યાનો યશ ધરાવે છે.